

## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી માર્ગદર્શન વિષય સંબંધિત વચનામૃતો

પ્રશ્ન : અનુભવ થયા પછી પરિણામમાં મર્યાદા આવી જાય છે ને? વિવેક થઈ જાય છે ને?

ઉત્તર : વિવેકની વાત એક બાજુ રાખો. એકવાર વિવેકને છોડી દો (પર્યાયની સાવધાની છોડી દો) પરિણામમાત્ર હું છું જ નહિ, હું તો અવિચળ ખૂંટો છું. મારામાં ક્ષણિક અસ્તિત્વ છે જ નહિ. વિવેકને બહાને પણ જીવ પરિણામમાં એકત્વ કરે છે. (૬૮)

***

વિચાર મંથન પણ થાકી જાય, શૂન્ય થઈ જાય, ત્યારે અનુભવ થાય છે. મંથન પણ છે તો આકુળતા. એકદમ તીવ્ર ધગશથી અંદરમાં ઉતરી જવું જોઈએ. ૭૨.

***

બસ એક જ વાત છે કે ‘હું ત્રિકાળી છું’ એમ જામી રહેવું જોઈએ. પર્યાય થવાવાળી થાઓ - યોગ્યતાનુસાર થઈ જાય છે. હું તેમાં જતો નથી. ક્ષયોપશમ હોય, ન હોય, યાદ રહે, ન રહે, પરંતુ અસંખ્ય પ્રદેશમાં વ્યાપક થઈ જવું જોઈએ. (૮૧)

***

કંઈ કરે નહિ તો ગમે નહિ તેવી ટેવ (કર્તાબુદ્ધિ) થઈ ગઈ છે. પરંતુ કંઈ કરે તો ગમે નહિ એમ હોવું જોઈએ. (૮૪)

***

જ્યાં સુધી ડૂબકી અંદરમાં (આત્મામાં) નથી મારતો ત્યાં સુધી પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ. (૮૬)

***

ખરેખર વાત તો એમ છે કે સાંભળવાથી જે મહિમા આવે છે, તે નહિ, પણ અંદરથી સહજરૂપે (સ્વનું) માહાત્મ્ય આવવું જોઈએ. (બહારમાં) તીવ્ર થાક લાગે તો અંદરથી જ આવે છે. ૧૦૨.

***

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૬ : અંક–૨૭૭, વર્ષ–૨૪, જાન્યુઆરી–૨૦૨૧

## અષાઢ વદ ૬, શનિવાર, તા.૯–૦૭–૧૯૬૬, યોગસાર ઉપર
## પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૮૨ પ્રવચન–૩૦

૮૨. 'પરભાવોનો ત્યાગ જ સંન્યાસ' છે. હવે સંન્યાસ આવ્યો, સંન્યાસ.

**जो परयाणइ अप्प अरु, सो परु चयइ णिभंतु।**
**सो सण्णासु मुणेहि तुहुँ, केवल-णाणि उत्तु।।८२।।**

જે આત્મા (સ્વ અને) '**પરને ઓળખી લે છે...**' '**अप्प अरु**' પોતાના આનંદ શુદ્ધ સ્વરૂપને જાણે છે, પરપુણ્ય-પાપના વિકલ્પ એ પર અને શરીરાદિ પર, બન્નેને જે ઓળખી લે છે '**તે કાંઈ પણ ભ્રાંતિ વિના પરને છોડી દે છે.**' '**परु चयइ**' છે ને? પોતાના શુદ્ધ સ્વભાવનું જ્ઞાન કરીને અને રાગાદિ પર ભિન્ન છે એવું જ્ઞાન કરીને રાગાદિને છોડીને સ્વરૂપમાં રહે છે, સ્થિર રહે છે તેને અહીંયાં સંન્યાસી કહેવામાં આવ્યા છે, ત્યાગી કહેવામાં આવ્યા છે. સંન્યાસી આવ્યા, સંન્યાસી, જૈનના સંન્યાસી.

મુમુક્ષુ : જૈનમાં જ સંન્યાસી હોય છે, બીજે હોય ક્યાં?

ઉત્તર : બીજે હોય છે ક્યાં? બીજામાં ખોટા સંન્યાસી છે. જૈન સિવાય, જૈન પરમેશ્વર સિવાય કોઈ સાચો સંન્યાસી ત્રણકાળમાં હોતો નથી.

અહીં કહે છે, ન નહિ. લૂગડાં સંન્યાસ નથી, રાગ પણ નથી. રાગનો ત્યાગ (તે સંન્યાસ છે). આ રાગ છે, આ વીતરાગ સ્વરૂપ છે. આત્મા વીતરાગ સ્વરૂપ છે, આ રાગ છે (એમ) બેયનું જ્ઞાન કરીને અહીંયાં (આત્મામાં) ઠરવું (અને) રાગને છોડવો તેનું નામ સંન્યાસ છે. લ્યો, આ સંન્યાસી. આમ અડધું કપડું પહેરીને નીકળતા હતા ને પહેલા? આ દેરાવાસી સાધુ પહેરે એમ. અડધું પહેરતા, પહેલા એવો વેશ ભજવ્યો હતો. (સંવત) ૧૯૯૯માં.

'**તેને જ સંન્યાસ અથવા ત્યાગ જાણ.**' જુઓ! સમજાય છે? '**એમ કેવળજ્ઞાનીએ કહ્યું છે.**' જુઓ! '**केवल-णाणि उत्तु**' છે ને? '**केवल-णाणि उत्तु**'. સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે કે, પોતાનો આત્મા વીતરાગ સ્વરૂપ આત્મા છે અને દયા, દાનાદિ વિકલ્પ રાગ છે, બેનું જ્ઞાન કરીને રાગને છોડી સ્વરૂપમાં સ્થિર થવું તેનું નામ ત્યાગ, સંન્યાસ કેવળજ્ઞાની કહે છે. '**અંતરંગમાં પર ભાવોના મમત્વના ત્યાગને સંન્યાસ કહે છે.**' સંન્યાસની વ્યાખ્યા.

મુમુક્ષુ : સંન્યાસ આશ્રમ...

ઉત્તર : આ આશ્રમ છે, બહારનો આશ્રમ કે દિ' હતો? ગૃહસ્થાશ્રમ, બ્રહ્મચર્યાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસ એમ ચાર આશ્રમ છે ને? એ બધા ખોટા છે. આ ભગવાન કહે છે ઈ આશ્રમ સાચો છે.

'**અંતરંગમાં પર ભાવોના...**' પુણ્ય-પાપના વિકલ્પ જે પરભાવ છે તેના મમત્વનો ત્યાગ, તેનું નામ

ભગવાન સંન્યાસ કહે છે. બહારનો ત્યાગ નહિ. બાહ્ય (પદાર્થ) તો ક્યાં અંદરમાં ઘૂસી ગયા છે. શુભ ને અશુભ રાગ, પુણ્ય-પાપના ભાવ બન્ને રાગનો ત્યાગ, તેને ભગવાન સંન્યાસ કહે છે. **'બાહ્ય પરિગ્રહનો ત્યાગ અંતરંગ ત્યાગભાવનું નિમિત્ત સાધન છે.'** નિમિત્ત છે. નિમિત્ત સાધન, વ્યવહાર કહેવામાં આવે છે.



**'આ સંન્યાસનો પ્રારંભ સમ્યગ્દષ્ટિ અવિરતીને થઈ જાય છે.'** આ આવ્યું. 'બંધ અધિકાર'માં કહ્યું છે, નહિ? 'જયસેનાચાર્યદેવ' કહે છે, અંતરંગથી તો ચોથા ગુણસ્થાનવાળો અબંધ પરિણામી છે. અબંધ છે, અબંધ છે એમ કહ્યું છે. લખ્યું છે. પોતાનો નિજ શુદ્ધ આત્મા અનંત અનંત એક એક ગુણની તાકાત અને એવા અનંત ગુણ તાકાત સંપન્ન પ્રભુ, તેનો અંતરમાં અનુભવ-નિર્વિકલ્પ અનુભવમાં પ્રતીતિ થવી (તે સમ્યગ્દર્શન છે). રાગનો તો તેમાં—દષ્ટિમાં ત્યાગ જ છે, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવનો પણ દષ્ટિમાં તો ત્યાગ છે. સમ્યગ્દષ્ટિને ચોથે ગુણસ્થાને રાગનો તો ત્યાગ છે, સ્વભાવનું ગ્રહણ છે. આહાહા..!

પોતાનો સ્વભાવ એક સમયના રાગથી ભિન્ન પૂર્ણાનંદ પ્રભુ છે. એ રાગનો ઉદયભાવ જે સંસાર છે તેનો ત્યાગ અને પોતાના શુદ્ધ સ્વભાવનું ગ્રહણ, તેમાં લીનતા (થવી) તેનું ભગવાન સંન્યાસ કહે છે. એ ચોથે ગુણસ્થાનથી અવિરતી સમ્યગ્દષ્ટિને સંન્યાસનો પ્રારંભ થઈ જાય છે. સમજાય છે કાંઈ? અને જેને ઘરે છન્નુ હજાર સ્ત્રી, છન્નુ કરોડ પાયદળ અને હીરાના સિંહાસન અને મોટા મોટા દાગીના, મુગટ, એક એક મુગટના અબજો રૂપિયા! અંદરમાં એ બધાનો સ્વામી નથી. પુદ્ગલનો સ્વામી નથી, શરીરનો સ્વામી નથી, વાણીનો સ્વામી નથી, રાગનો સ્વામી નથી, અંતરમાં શુભ-અશુભ રાગ થાય છે તેનો પણ સ્વામી નથી. એ સંન્યાસી છે, એવી ષ્ટિની અપેક્ષાએ છે. ષ્ટિની અપેક્ષાએ. સ્થિરતાની અપેક્ષાએ મુનિ સંન્યાસી છે. અવ્રત પરિણામનો ત્યાગ કરીને અંદરમાં સ્થિર થયા તે સ્થિરતાની અપેક્ષાએ. સમજાય છે કાંઈ? એ સંન્યાસનો પ્રારંભ સમ્યગ્દષ્ટિ અવિરતીને થઈ જાય છે.

**'સમ્યગ્દષ્ટિ સારી રીતે જાણે છે કે મારું સ્વામીપણું...'** જુઓ! આવ્યું, જુઓ! **'મારા આત્મા ઉપર જ છે.'** સમ્યગ્દષ્ટિ જીવ ચોથે ગુણસ્થાને હો, અવિરતી ભાવ પણ હો છતાં એમ માને છે (કે), મારું સ્વામીપણું મારા એક આત્માથી છે. સ્વસ્વામીસંબંધ (એવો) પોતાનો ગુણ આત્મામાં છે. સ્વસ્વામીસંબંધ. સ્વ (અર્થાત્) પોતાની શુદ્ધતા, તેનો હું સ્વામી. ચૈતન્ય સહજાત્મ સ્વરૂપનો હું સ્વામી. દયા, દાન, વ્રતનો વિકલ્પ ઊઠે તેનો પણ હું સ્વામી નહિ. સમજાય છે કાંઈ? શુભાશુભ પરિણામનું સ્વામીત્વ તે મિથ્યાદર્શન છે. છે? શુભાશુભ પરિણામ બંધનું જ કારણ છે. સમ્યગ્દષ્ટિ કહો કે મિથ્યાષ્ટિ કહો, શુભાશુભ પરિણામ બંધનું જ કારણ છે. તેનું સ્વામીપણું મિથ્યાદર્શન છે. સમ્યગ્દષ્ટિ તેનો સ્વામી નથી. એમાં આવ્યું ને?

**'મારા આત્માનું અભેદરૂપ દ્રવ્યત્વ મારું દ્રવ્ય છે.'** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ કહે છે. મારો આત્મા એકસ્વરૂપે દ્રવ્ય-વસ્તુ છે તે મારું દ્રવ્ય છે. લક્ષ્મી-બક્ષ્મી

એ મારું દ્રવ્ય નથી. '**મારા આત્માનું અસંખ્યાત પ્રદેશ ક્ષેત્ર મારું ક્ષેત્ર છે.**' આ શરીરનું ક્ષેત્ર ને બહારના મકાનના ક્ષેત્ર, રાગનું ક્ષેત્ર મારું નહિ. '**મારા આત્માના ગુણોનું સમય સમયનું પરિણમન તે મારો કાળ છે,...**' તમારે અત્યારે કાળ બહુ સારો છે, હોં! દીકરા, પૈસા એ મારો કાળ નહિ. મારા આત્મગુણની વર્તમાન પરિણતિપર્યાય તે મારો કાળ છે. સમજાય છે કાંઈ? '**મારા આત્માના શુદ્ધ ગુણ એ મારો ભાવ છે.**' દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ લીધા. આત્મામાં ત્રિકાળ શુદ્ધ ભાવ, અનંત શુદ્ધ ભાવ છે તે મારો ભાવ છે. વર્તમાન નિર્મળ દશા (છે) તે મારો કાળ (છે). મારું અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર, અભેદ દ્રવ્ય સ્વરૂપ હું દ્રવ્યપદાર્થ (છું). આહાહા..! સમજાય છે કાંઈ?

'**હું સિદ્ધ સમાન શુદ્ધ નિરંજન નિર્વિકાર છું. હું પૂર્ણ જ્ઞાનદર્શનવાળો છું,...**' એમ સમ્યગ્દષ્ટિ પોતામાં માને છે. હું અપૂર્ણ જ્ઞાનવાળો છું એમ નથી તો પછી રાગવાળો છું ને પૈસાવાળો છું, એ તો સમ્યગ્દષ્ટિ માનતા નથી. ધર્મી—સમ્યગ્દષ્ટિ પોતાને પૂર્ણ જ્ઞાનદર્શનવાન, પૂર્ણ આત્મવીર્યના ધણી માને છે, સિદ્ધ સમાન નિર્વિકાર શુદ્ધ માને છે. તે અપૂર્ણ પર્યાય, રાગાદિ, તેનો બંધ, તેનો બાહ્ય સંયોગ, તેના સ્વામી જ્ઞાની થતા નથી. એ અપેક્ષાએ તેને પરનો સંન્યાસ છે. કહો, સમજાણું કાંઈ?

'**પરમ આનંદમય અમૃતનો અગાધ સાગર છું,...**' આહાહા..! મોટો દરિયો હોય ને? દરિયો, સમુદ્ર. અગાધ.. અગાધ.. અગાધ.. હેઠે મોતી પડ્યા હોય પણ ક્યાં (મળે)? અગાધ. એમ ભગવાનઆત્મા અરૂપી આનંદસાગર અગાધ, આનંદસાગર અગાધ, અમાપ.. અમાપ.. અમાપ.. અચિંત્ય, અકૃત્રિમ મારો સ્વભાવ અગાધ (છે). એ અમૃતનો અગાધ સાગર છું. '**હું પરમ કૃતકૃત્ય છું.**' લ્યો! દષ્ટિની અપેક્ષાએ સમકિતી પરમ કૃતકૃત્ય છે. અને '**જીવનમુક્ત છું.**' આહાહા..! ચોથું ગુણસ્થાન, સમ્યગ્દર્શનની આ વાત ચાલે છે. એ અપેક્ષાએ તેને પરનો ત્યાગ સંન્યાસ દષ્ટિની અપેક્ષાએ કહેવામાં આવ્યો છે. તેને સાચા સંન્યાસી કહે છે. વિશેષ કહેશે..

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ પ્રવચન...)**

ઘરમાં એક મૃત્યુની પથારીએ હોય, ડચકા ખાય એ પરિસ્થિતિ (હોય). (મૃત્યુને ખાટલે) પડ્યા છે, હસાય નહિ. એ બાળકોને ખબર પડતી નથી. એ બાળકબુદ્ધિ જેવા છે.

એટલે સિદ્ધાંતના વિષયમાં એમ કહેવું છે કે જરા પણ ખસીને વિપરીતતાને સ્વીકારવી નહિ. પ્રાણાંતે પણ એ સંમત થાય નહિ. એવો વિષય છે. કેમકે એ ચૈતન્યના જ્ઞાન અને આનંદપ્રાણની જાળવણીનો વિષય છે. દેહના પ્રાણ એ તો એક વખત ગયા એવા અનંત વાર આવ્યા અને ગયા, એની કોઈ કિંમત નથી. પણ અનંત કાળમાં જે જ્ઞાન આનંદ આદિ પ્રાણનું જીવન નથી મળ્યું, એ જીવન મળવાનો રસ્તો બંધ થઈ જાય એ વાત તો કોઈપણ ભોગે ચાલે નહિ. એવો વિષય છે. ૧૯૫ થયો.

***



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૧૯૫ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૨૪-૩-૧૯૮૩, પ્રવચન નં. ૭૭ (વિષય : માર્ગદર્શન)**

**થોડું પણ સાચું ગ્રહણ કરે તો તેટલામાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની તાકાત છે. અને થોડું પણ વિપરીત ગ્રહણ કરે તો તેટલામાં અનંતા નિગોદના ભવ કરોવાની તાકાત છે. ૧૯૫.**

(૪૩:૦૦ મિનિટથી)

૧૯૫. **'થોડું પણ સાચું ગ્રહણ કરે તો તેટલામાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની તાકાત છે.'** ઘણું પણ ભેળસેળવાળું ખોટું-સાચું બધું મિશ્રણ હોય અને એમાં ખોટા-સાચાની ખબર ન હોય, એ ગમે તેટલું ઝાઝું ઘણું દેખાતું હોય તોપણ એનાથી એના આત્માને કાંઈ લાભ નથી. ઊલટાનું નુકસાન છે. લાભ તો નથી પણ નુકસાન છે. **'થોડું પણ સાચું ગ્રહણ કરે...'** સત્ય ગ્રહણ કરે તો એ ભલે જઘન્ય અંશે હોય, એમ કહેવું છે, પ્રથમ અનુભવ ચતુર્થ ગુણસ્થાને જઘન્ય અંશે મોક્ષમાર્ગ પ્રગટ થયો છે પણ એટલું સત્ય છે. જે સત્ય છે એટલું ભલે થોડું ગ્રહણ કરે, શક્તિ હોય એટલું ગ્રહણ કરે તો એ શક્તિ કેટલી છે? કે આગળ જઈને એ શક્તિનો વિકાસ થઈને કેવળજ્ઞાન પ્રગટ કરશે.

શિવભૂતિ મુનિને ક્ષયોપશમ શ્રુતજ્ઞાન, મતિજ્ઞાન હતું એનો ક્ષયોપશમ બહુ ઉઘડ્યો નહિ. કેવળજ્ઞાન થયું ત્યાં સુધી ઉઘાડ ન થયો. જ્ઞાનાવરણીયનો એટલો ક્ષયોપશમ ન થયો. અને અંતર એકાગ્રતા મુનિદશાની જે ચારિત્રની શુદ્ધતા એટલી વધી. વીતરાગતા... વીતરાગતા.. વધતી... વધતી... વધતી સંપૂર્ણ વીતરાગતા બારમા ગુણસ્થાન સુધી થઈ ગઈ, ત્યાં સુધી અહીંથી જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ ન ખસ્યો. એવા જ પ્રકારે નિબંધન થયું હોય. પણ એ એકાગ્રતામાં બાધાકારક નથી થતું. જ્ઞાનનું આવરણ જ્ઞાનાવરણીય સંજ્ઞી પંચેન્દ્રિય થઈ ગયો એટલે પર્યાપ્ત છે. એટલો ક્ષયોપશમ એને પર્યાપ્ત છે, પૂરતો છે એટલે પછી ભલે બાકીના જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થવાને બદલે એક સાથે ક્ષય થાય. ખંખેરી જ નાખે. ક્ષયોપશમમાં તો ઉપશમ પણ છે એટલે સત્તામાં પણ ક્ષયોપશમભાવે હોય છે.

જ્ઞાન છે એની બે દશા. ક્ષયોપશમ અને ક્ષાયિક. ઉપશમભાવે ન હોય જ્ઞાન. ચારિત્રમાં ઉપશમ ચારિત્ર હોય, દર્શનમાં ઉપશમ દર્શન હોય, ક્ષયોપશમ ચારિત્ર હોય અને ક્ષાયિક ચારિત્ર હોય. ચારિત્રમાં ત્રણે ભેદ આવે. ઉપશમ શ્રેણી માંડે છે ત્યાં ઉપશમભાવે ચારિત્રનો વિકાસ છે. બાકીના કાળમાં ચોથાથી તે બારમા સુધી, અગિયારમા સુધી, અગિયારમા ઉપશમ છે, દસમા સુધી ક્ષયોપશમભાવે ચારિત્ર છે. અગિયારમા ઉપશમભાવે છે, બારમા ગુણસ્થાને ક્ષાયિકભાવે છે ચારિત્ર. ઉપર તેરમા ક્ષાયિકભાવે છે. એમ. ચારિત્રમાં ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ત્રણ ભેદ પડે છે.

એમ દરેક ગુણને પરિણમવાની પોતાની ચોક્કસ પદ્ધતિ છે એટલે સ્વભાવ છે. પદ્ધતિ છે એટલે એનો સ્વભાવ છે. એ ગુણ પોતાના સ્વભાવ અનુસાર કામ કરે છે. તો એ મતિ-શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ બહુ અલ્પ રહ્યો

અને સીધું ફાટ્યું ત્યારે કેવળજ્ઞાન થયું. એ આવરણ તૂટ્યું એટલે સીધું કેવળજ્ઞાન થયું. એવી સ્થિતિ થઈ. એટલે ક્ષયોપશમ જ્ઞાન ઉપર તને મોહ થાય તો એ મોહ નકામો છે તારો. એમ કહેવું છે. ક્ષયોપશમ જ્ઞાનનો મોહ નકામો છે, તારે વિષે અને બીજાને વિષે. જો તને તારા ક્ષયોપશમ જ્ઞાનનો મોહ હશે તો બીજાના ક્ષયોપશમ જ્ઞાનમાં પણ તને આકર્ષણ થયા વિના રહેશે નહિ. આ પરિસ્થિતિ આવશે.

અને લગભગ, બીજાની તો ક્યાં વાત કરવી, આપણા મુમુક્ષુ સમાજમાં પણ એ વાત હજી કોકનો ક્ષયોપશમ જરાક સારો દેખાય, જરાક બે વાત સારી બોલતા આવડે ત્યાં બહુ સરસ... બહુ સરસ... બહુ સરસ... થઈ પડે છે. બીજાને તો હજી આ વિષય જ ચર્ચામાં નથી. બીજી જગ્યાએ તો આવો વિષય ચર્ચાતો નથી. જ્ઞાનના ક્ષયોપશમની કિંમત શું અને અનુભવની કિંમત શું. પણ જ્યાં 'ગુરુદેવે' પેંથીએ પેંથીએ તેલ નાખીને આવી વાત ચોખ્ખી કરી છે ત્યાં પણ હજી આ બધા ગડબડ ગોટા ઊભા થાય છે. આ પરિસ્થિતિ છે. ઘણો બહુ જાજો સમૂહ એવો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, તે શું પણ? કહો.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- એ તો કહે છે કે અનુભવ સિવાય બધા મીંડા છે. એ તો ૧૯૪માં કહી દીધું. પરલક્ષી ક્ષયોપશમ જ્ઞાનની કોઈ કિંમત નથી.

મુમુક્ષુ :- પંડિતોનું તો ન ચાલે.

પૂજ્ય ભાઈશ્રી :- આ આત્માનું હિત કરવાનો વેપાર કરવાનો છે, સિવાય બીજો કોઈ નહિ.

અહીંયાં જે વ્યવસાય કરવાનો છે, ઉપયોગ છે ને એ વેપારરૂપ છે. 'વાદવિવાદ કરે સો અંધા, સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા' પોતાના સહજાત્મ સ્વરૂપમાં સહજ પરિણતિ થાય એ ધંધો કરવાનો છે. બાકી કોઈ પંડિતાઈ મેળવીને, વાદવિવાદ કરીને તકરારમાં પડે એ બધા અંધા છે એમ કહે છે. આંધળા છે. બનારસીદાસે કહ્યું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમાં ઊંધા પડે તો જીવ સ્વતંત્ર છે કે નહિ? ઋષભદેવ ભગવાને એ કહ્યું કે કોઈ જીવ મારે આધીન નથી. મરુચિ કુમાર ભલે મારા દીકરાના દીકરા છે એટલે કાંઈ એ મારું માને. નહિતર સામાન્ય રીતે તો .. અને વડીલ હોય એનું અપમાન કરવું જોઈએ નહિ. ભલે માન એટલું એને ન હોય તોપણ વ્યવહારે તો વિનય એને સાચવવો ઘટે છે. કષાયની તીવ્રતા થાય ત્યારે વ્યવહાર વિનય વિવેક પણ ચાલ્યા જાય છે. એ પરિસ્થિતિ છે. સ્વતંત્ર છે જીવ.

સમવસરણમાં કરોડો જીવો, અબજો જીવો આવે છે. કરોડો નહિ પણ અબજો જીવો આવે છે. સભા તો બાર યોજન ડાયામીટરની છે. બાર યોજન ત્રિજ્યા છે, બાર યોજનની ત્રિજ્યા છે. ડાયામીટર તો ચોવીસ યોજનનો છે. છતાં અબજો જીવો ત્યાં સમાય છે. એવો જ કોઈ ત્યાં ક્ષેત્ર સ્વભાવનો અતિશય છે કે અવગાહન થઈ જાય. જેટલા આવે તેટલા સમાય. દેવલોકમાંથી લાખો કરોડો દેવો આવે, લાખો-કરોડો તિર્યંચો આવે. લાખો મનુષ્યો આવે. મનુષ્યની સંખ્યા ઓછી છે. છતાં બધા સમાય. અબજો જીવો હોય. લાખો તો કેવળી થાય છે, લાખો મુનિઓ થાય છે. કેટલા જીવો હશે તો? કરોડો મનુષ્યો હોય. અહીં તો હજી માતા નથી. વિશ્વમાં વસ્તી વધારાનો પ્રોબ્લેમ થાય છે. એવું સમવસરણનું અતિશય ક્ષેત્ર છે. પણ બધા એવા અબજો જીવો હોય તોપણ બધા સ્વતંત્ર. કોઈ કોઈને આધીન છે નહિ. ઉપદેશને પણ આધીન છે એ વાત નથી. એવો જ ઉપદેશ છે કે બધાય સ્વાધીન છે અને પોતાનું હિત કરવા માટે એને પોતાનો સ્વાધીન સ્વતંત્ર પુરુષાર્થ કરવો રહ્યો. કોઈના આશીર્વાદથી અને કોઈના કારણથી કોઈ બીજાને લાભ થાય એ વસ્તુના સ્વરૂપમાં નથી. એવી જ વસ્તુની જગતની પ્રત્યેક પદાર્થની સ્વતંત્રતા છે. એ તીર્થંકર ભગવાનના દિવ્યધ્વનિની એ ઘોષણા છે, સ્વતંત્રતાની એ ઘોષણા છે.

**'થોડું પણ સાચું ગ્રહણ કરે તો તેટલામાં**

**કેવળજ્ઞાન પ્રગટ કરવાની તાકાત છે.'**

મુમુક્ષુ :- સાચુંમાં કેવળજ્ઞાનની જાત લીધી?

પૂજ્ય ભાઈશ્રી :- કેવળજ્ઞાનની જાત લીધી. અનુભવ છે ને. ભલે જઘન્યભાવે છે તોપણ કેવળજ્ઞાનની જાત છે એમાં. ચોથા ગુણસ્થાને જ્ઞાન પ્રગટ્યું એમાં પણ એ કેવળજ્ઞાનની જાત છે. આત્મજ્ઞાન તે કેવળજ્ઞાનની જાતિનું જ્ઞાન છે અને આત્માનું સુખ અને આનંદ પ્રગટ્યો તે પરમાનંદની જાતિનું સુખ અને આનંદ છે. જે અરિહંતદશામાં, મુક્તદશામાં પરમાનંદ પ્રગટ થાય છે, અનંત સુખ પ્રગટ થાય છે એ ચોથા ગુણસ્થાનનું સુખ એ અરિહંત ભગવાનના અનંત સુખની જાતિનું સુખ છે. એક જ ક્વોલિટી છે. ક્વોન્ટિટીનો ફર્ક છે, ક્વોલિટીનો ફર્ક નથી.

હવે અહીં તો મુનિ હોય એને ખબર ન હોય. કહેવાય મુનિ. કાંઈ આવી ખબર હોતી નથી. શું છે એને? એને ચોથું નથી એમ નક્કી થાય છે. અને મુનિ માને-મનાવે છે એટલે ગૃહીત છે. અગૃહીત મિથ્યાદર્શન છે એમ નહિ પણ ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. હવે એને વંદન-નમસ્કારનો પ્રશ્ન ક્યાં રહે છે ? એ વાત બહારમાં વ્યવહાર કરવા યોગ્ય પણ નથી. અને વ્યવહાર કરે તો એને પોષણ આપવાની વાત એમાં ઊભી થાય છે.

મુમુક્ષુ :- અનાયતનનો દોષ આવે ને?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં અનાયતનનો દોષ આવે છે. કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માનવા, મનાવવા અને અનુમોદન કરવાવાળા બધાય એમાં આવી જાય છે. મોટી ગડબડ છે બધી.

**'અને થોડું પણ વિપરીત ગ્રહણ કરે...'** એમ. થોડું પણ પ્રયોજનભૂત વિષયમાં, તત્ત્વના વિષયમાં, સિદ્ધાંતના વિષયમાં આત્માને હિત-અહિત થાય એ પ્રકરણની અંદર થોડું પણ વિપરીત હોય **'તેટલામાં અનંતા નિગોદના ભવ કરવાની તાકાત છે.'** મિથ્યાત્વનો કણિયો નિગોદના ભવ કરાવશે. કેટલા થાશે? કે અનંતા થાશે. બે એક્સ્ટ્રીમ પોઈન્ટ લીધા છે.

સત્યનું મૂળ પડ્યું છે એમાંથી કેવળજ્ઞાન ફાટશે. 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન અનંત જ્ઞાન સહિત' અને થોડુંક વિપરીત હશે તો અનંતા નિગોદના ભવ એમાં ઊભા છે. પણ બહાર તો બીજું આટલું તો સારું છે. દૂધપાકના બે મણના કઢેલા દૂધપાકમાં ઝેરનું ટીપું ચાલે નહિ. બધા મરી જાય. ભલે ટીપું હોય પણ જેટલા ખાય એટલા બધા મરી જાય. પણ એક ટીપું બસ્સો-ચારસો જણનો દૂધપાકને કેટલાને કેટલો ભાગમાં આવે ? એમાં શું વાંધો? એ જાત ફેર છે. એ વિપરીત છે. શરીરના જે પરમાણુ છે એનાથી એ વિપરીત છે. એના પ્રાણથી વિપરીત છે.

ખરેખર તો શરીરના પરમાણુથી તો વિપરીત આ ગુમડુ થાય એ વિપરીત છે. સેપ્ટીક થાય એ પણ વિપરીત છે. પણ આ તો એના પ્રાણથી વિપરીત છે. ઝેર છે એ એના પ્રાણથી વિપરીત છે. એના પ્રાણ ઉપર ઘાત કરશે. ઝેરના એક ટીપાના રજકણમાં સેંકડો માણસમાં વહેંચાય જાય. પછી તો કાંઈ એક માણસ તો કાંઈ બે મણ, ચાર મણ દૂધપાક પીવાનો નથી. સેંકડો માણસને વહેંચાય એટલું સતાંશમાં ભાગે, પાંચ સતાંશ, દસ સતાંશમાં ભાગે આવે, પ્રાણ ઉપર એ ઘાત કરે છે. એમ આત્માના જ્ઞાન-દર્શન-પ્રાણને ઘાત કરે એવો સિદ્ધાંત અંતર-બાહ્ય કોઈ પ્રકારનો હોય, અનંતા નિગોદના ભવ થવાની એમાં શક્તિ રહેલી છે. આ તત્ત્વનો વિષય છે. અનંત નિગોદના ભવ થશે એમાંથી. જબરજસ્ત વાત છે. નિગોદમાં જાશે એમ નહિ. અનંત કાળ નિગોદમાં રહે છે. કેમકે નિગોદ એક એવી સ્થિતિ છે કે આયુષ્ય તો બહુ અલ્પ છે ત્યાં. એક શ્વાસોશ્વાસમાં અઢાર વખત જન્મે-મરે એટલું ટૂંકું આયુષ્ય છે પણ ત્યાં નવું કર્મબંધન અને નવું આયુષ્ય પણ નિગોદનું જ. અનંત-અનંત કાળ સુધી બંધાયા કરે એવા જ પરિણામ થાય છે. બીજી કક્ષાના પરિણામ થવા બહુ મુશ્કેલ છે. અનંતકાળે થાય છે. તેથી એમ કહે છે કે ભાઈ! તત્ત્વના વિષયની ગંભીરતા કોઈ એવી જુદી છે કે એ ગંભીરતાને એમ ને એમ અદ્ધરથી કાઢીને ગમે તેમ ઉભાંગડે ચાલવા જેવું નથી. એમ ધ્યાન ખેંચવા માગે છે.

**પરમાગમસાર-૧૯૫. તા. ૨૫-૩-૧૯૮૩,
પ્રવચન નં. ૭૮**

'પરમાગમસાર' પાનું-૫૭. ૧૯૫ નંબરનો બોલ છે. ... થોડો મુદ્દાનો વિષય છે. '**થોડું પણ સાચું ગ્રહણ કરેત તો તેટલામાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની તાકાત છે.**' એમ કહેવા માગે છે કે સમ્યગ્દષ્ટિ જીવને મોક્ષમાર્ગનો અંકુર ફૂટ્યો છે હજી. બોધિબીજ વવાઈ ગયું અને મોક્ષમાર્ગનો અંકુર ફૂટ્યો છે, પણ એ કેવળજ્ઞાન લેવાની તાકાત એમાં લબ્ધિ પ્રગટ થઈ છે. કેવળજ્ઞાન લેવાની શક્તિની લબ્ધિ પ્રગટ થઈ છે. અંદરમાં તો કેવળજ્ઞાન લેવાની શક્તિ સર્વ આત્માઓમાં છે. એ વાત નથી અહીંયાં. પણ અહીંયાં જેને કેવળજ્ઞાન લેવાની શક્તિ પ્રગટ થઈ, લબ્ધિ પ્રાપ્ત થઈ એની વાત છે. એ બહુ મોટી વાત થઈ એમ કહેવું છે. એ તો એના અનુભવે સમજાય છે કે આ શું ચીજ છે. એનો શબ્દનો અર્થ અને ભાવાર્થ તો ખ્યાલમાં આવે એવું છે પણ છતાં એનો ભાવ તો અનુભવમાં ભાસે એવો છે.

મુમુક્ષુ :- કેવળજ્ઞાનની લબ્ધિ પ્રગટ થઈ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની લબ્ધિ પ્રગટ થઈ ગઈ છે એ જીવને. લબ્ધ પર્યાયમાં એ વિષય આવી ગયો. ઉપયોગ સહજ જ્ઞાનસ્વભાવનો થઈ ગયો, કેવળજ્ઞાન સ્વભાવનો ઉપયોગ થઈ ગયો. એ કેવળજ્ઞાનની પર્યાય પ્રગટવાની પૂર્ણ શક્તિ પ્રગટ થવાની લબ્ધિ એમાં ઉત્પન્ન થઈ ગઈ. ઉપયોગ થઈને લબ્ધમાં જાય છે ને. એ લબ્ધિ પ્રગટ થઈ ગઈ એને.

મુમુક્ષુ :- એકવાર ઉપયોગ પ્રગટ થયો, લબ્ધમાં...

પૂજ્ય ભાઈશ્રી :- ઉપયોગમાં આખો પરિપૂર્ણ ભગવાન આવી ગયો. જિનસ્વરૂપ સિદ્ધસ્વરૂપ પોતે ઉપયોગમાં આવ્યો છે. એકાકાર ઉપયોગમાં આવ્યો છે, નિર્વિકલ્પ ઉપયોગમાં આવ્યો છે. એને ઉપયોગ ક્ષણમાં પૂરો થાય છે પણ અંદરમાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની લબ્ધિરૂપ શક્તિ પ્રગટ કરવાની એનામાં તાકાત આવી ગઈ છે. આ મફત દર્શન કરતા નથી. વંદનનો આવે છે કે નહિ પ્રકાર? દર્શનનો અને વંદનનો. એનામાં શક્તિ છે એનું સ્વરૂપ જીવો ઓળખતા નથી કે આ શું સ્વરૂપ છે આનું?

સમ્યગ્દષ્ટિ એટલે એનું સ્વરૂપ શું? એ જો જ્ઞાનમાં આવે તો જ્ઞાની એને નમે છે. બીજા નમે એવા તો અજ્ઞાની નમે એમાં પ્રશ્ન શું છે? જ્ઞાની નમે છે, સમ્યગ્દષ્ટિ ચક્રવર્તી હોય તો નમે છે. સમ્યગ્દષ્ટિ ઇન્દ્ર હોય તો નમે છે. મુનિને, ભગવાનને નમે એ તો ઠીક છે પણ સમ્યગ્દષ્ટિને નમે છે. આમ છે. ગુણનું બહુમાન છે.

આ 'પૂજ્ય બહેનશ્રી'નો સમ્યક્ત્વ દિન આવે છે. પરમ દિવસે આમંત્રણ પત્રિકા કાલે લખાશે. કાલે વાંચન અહીં બંધ છે. ત્યાં જવાના છીએ. એ ગુણનું બહુમાન છે. વ્યક્તિનું બહુમાન નથી ખરેખર, એની પાછળ ગુણનું બહુમાન છે. જે એક ક્ષણ અનંત ભવનો ક્ષય કરે છે, અનંત ભવને છેદ મારે છે. કુહાડાથી ઘા મારે ને? મૂળમાંથી કાપે. એવો એ ભવના તરુ ઉપર કુઠારાઘાત છે. એક ક્ષણનો અનુભવ. એ બહુ મહાન ચીજ છે.

એ બતાવવા માટે એની મહાનતા અહીંયાં વ્યક્ત કરે છે કે એક ક્ષણમાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની તાકાત ઊભી કરી છે. કેટલા રસ લઈને એ આત્માનુભવ થયો હશે એ ત્યાં પહોંચ્યા વિના સમજાય એવું નથી. કેટલો રસ લઈને એનો અવતાર થયો છે. ત્યાં ભગવાન આત્માનો જન્મ થયો છે. ખરેખર તો જ્ઞાનીઓની જન્મજયંતિ આ છે. જે બાકીની દેહની જન્મજયંતિ, દેહનો જન્મ થયો એ તો એક શરીરના સંબંધવાળી વાત છે કે જે સંબંધ જ્ઞાનીઓ છોડવાના છે. એની એટલી કિંમત નથી. ખરેખર તો જ્ઞાની તરીકેનો જન્મ આ દિવસે થયો, આ એથી મોટી જન્મજયંતિ છે. ખરેખર બે જન્મ લઈએ. એક આત્માનો

જન્મ. આત્મા અવિનાશી છે પણ અહીંયાં આત્મા આત્માપણે અનુભવમાં આવ્યો એ આત્મા થયો ખરેખર. પરમાત્મા થયો ત્યાં એ. એ ખરેખર જન્મજયંતિ સાચી છે. પેલી ઉજવાય કે ન ઉજવાય પણ આ તો ઉજવાવી જોઈએ. એમ છે. ઓલા કરતા આનું મહત્વ વધારે છે. પણ બાહ્યદૃષ્ટિવાળાને બાહ્ય પ્રસંગનો મહિમા આવે છે એટલે ઓલી જન્મજયંતિને પકડે છે. પણ એવા જન્મદિવસ તો બધા પ્રાણીઓના આવે છે.

શરીરે દેહનો જન્મ થવો એ તો સર્વ પ્રાણીઓને સાધારણ છે. પણ આત્માનો સમ્યક્ત્વ જન્મ થવો એ કરોડો–અબજોમાં કો'કને છે. અસાધારણ છે. એ કેટલો અસાધારણ છે કે કરોડો–અબજોમાં, આ અબજો મનુષ્ય છે અત્યારે ચાર અબજ જેટલી વસ્તી છે વિશ્વની, કો'ક છે એની અંદર. એ એની અસાધારણતા છે. એ તો સંખ્યાએ અસાધારણ થયું. પણ અહીંયાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની લબ્ધિ આવી એ પણ એક અસાધારણતા છે.

બહારમાં પત્થરનું સોનું બનાવવાની લબ્ધિ આવે કે કોઈ મંત્ર–તંત્ર બોલતા ઝેર ઉતરી જાય અને રોગ મટી જાય ત્યાં લોકોને આહા..હા..હા...! થઈ જાય છે. થાય છે કે નહિ ? કહે છે કે એ ચમત્કારોમાં સર્વોત્કૃષ્ટ ચૈતન્ય ચમત્કાર એવો છે કે એક ક્ષણમાં માનવમાંથી દેવ સર્વજ્ઞ બનાવે. આ લબ્ધિ એવી છે કે સાધારણ મનુષ્યમાંથી એને પરમાત્મપદમાં સ્થાપિત કરે છે એ કોઈ જેવી–તેવી વાત નથી. એમ કહેવું છે. એ મહત્તા બતાવવી છે. સમ્યગ્દર્શનની એમાં મહત્તા છે. એ સાચું એટલે સમ્યક્ અહીંયા લેવું. સમજવામાં સાચું પકડે અને ખોટું પકડે એમ નહિ. સાચું ગ્રહણ કરે એટલે સાચું પરિણમન કરે.

**'અને થોડું પણ વિપરીત ગ્રહણ કરે...'** આમાં પણ બહુ મોટી વાત છે. **'થોડું પણ વિપરીત ગ્રહણ કરે...'** જે સિદ્ધાંત છે, મૂળ સિદ્ધાંતમાં થોડોક ફેરફાર કરે **'અનંતા નિગોદના ભવ કરવાની તાકાત છે.'** નિગોદમાં જાય પછી તો અનંત ભવ એમાં કરે છે, અનંત ભવે પણ એમાંથી બહાર નીકળી શકતો નથી.

મુમુક્ષુ :– થોડો ફેરફાર થાય દેશકાળ અનુસાર.

પૂજ્ય ભાઈશ્રી :– દેશકાળને અનુસરીને થોડો ફેરફાર કરવાનો માર્ગ છે કે કેમ એ વાત સમજ્યા વિના એમ ને એમ માર્ગને સ્થાપે તો ઉન્માર્ગને સ્થાપે છે, માર્ગને સ્થાપતો નથી.

દિગંબરમાંથી શ્વેતાંબર થયા એ દેશકાળના બહાને થયા. બાર દુકાળ પડેલા. ઉપરા ઉપર બાર બાર વર્ષ સુધીના દુકાળ પડ્યા. અને બાહ્યાચરણમાં બાહ્ય આચરણ ટકાવવું પણ મુશ્કેલ. જો કે અંતર પરિણતિ ટકાવે એને બાહ્યાચરણનો સવાલ નથી. પ્રતિકૂળ સંયોગો ઊભા થાય તો સંલેખના કરી લે, સંલેખના કરી લે. કોઈપણ સાધક સંલેખના કરી લે છે. પણ એ પોતાની ભૂમિકાને છોડતા નથી.

ચોથે ગુણસ્થાને સંલેખના કરે છે. મુનિ કરે એમાં તો પ્રશ્ન નથી. એ તો ઘણા શક્તિવાળા છે. મુનિ કરે એમાં તો પ્રશ્ન જ નથી. સિંહના ભવમાં ભગવાન મહાવીર સ્વામીએ સંલેખના જ કરી છે. હરણને માર્યું તો ખરું, પણ જ્ઞાન થયું કે હું આત્મા છું, નિરાહારી સ્વરૂપે છે. બહારમાં જોવે તો સિંહ ખડ ખાઈ શકે એવી બાહ્ય પરિસ્થિતિ નથી અને બીજા પ્રાણીને મારીને માંસ ખાવું એ વૃત્તિ રહી નથી. ખડ ખાવાની પરિસ્થિતિ શરીરની નથી અને માંસ ખાવાની પરિસ્થિતિ વૃત્તિની નથી રહી. સંલેખના કરે છે એ. આ જીવન આયુષ્ય છે ત્યાં સુધી આહારનો ત્યાગ, પાણીનો ત્યાગ. ખલાસ. સિંહનો ભવ પૂરો કર્યો. આયુષ્ય હતું ત્યાં સુધી રહ્યા. એક દુષ્કાળ પડ્યો માટે ફેરફાર કરી નાખો, એ ભગવાનના સ્થાપિત સિદ્ધાંતો છે એનું ઉલ્લંઘન છે. અથવા માર્ગ ઉપર, આજ્ઞા ઉપર પગ દેવા બરાબર છે. એમ છે.

એટલે એમ કહ્યું કે **'થોડું પણ વિપરીત ગ્રહણ કરે...'** તો એ થોડું વિપરીત નથી પણ પૂરેપૂરું વિપરીત છે. કોઈ તમને એમ કહે કે ભાઈ! આ ઝવેરી બજારમાં આ સાચા મોતીના વેપારી છે. એની પાસે કદી ખોટા મોતી હોતા જ નથી અને એને ખોટા મોતીનો વેપાર એ

કરતા જ નથી. આ પરિસ્થિતિ છે. બાજુના વેપારી છે એ સાચા પણ વેચે છે, ખોટા પણ વેચે છે અને ભેળસેળ કરીને પણ વેચે છે. સાચા-ખોટા મિશ્રણ કરીને પણ વેચે છે. હવે તમારે સાચા લેવા હોય તો કોની દુકાને જાશો? પણ થોડુંક કાંઈક અનુકૂળ પડતું હોય, દુકાન ઓરી પડતી હોય, ઓળખાણવાળા હોય, સગાસંબંધી હોય, સ્નેહી હોય અને એને લઈને ખોટું અમને ન આપે પણ સંબંધને લઈને ફાયદો કરે એમ હોય. ઠીક! સગાને ન ખટાવવા જોઈએ? કે એમાં કો'ક મોતી કયુ એણે ભેળવી દીધું એ તને ખબર પડશે નહિ. કેમકે દેખાવમાં સરખા છે. સાચા અને ખોટા દેખાવમાં સરખા લાગે છે.

અમે પણ નમો અરિહંતાણં કહીએ અને એ પણ નમો અરિહંતાણં કહે. એમાં ફેર શું છે? બધું સરખું જ લાગે છે અમને તો. કહે છે કે એક સાચું કહે છે અને એક ખોટું કહે છે. આમ છે. એને તૈયાર થવું પડે એવો વિષય છે. તાવડી લેવા જાય તો પરખ કરવી છે. બાર આનાની તાવડી લેવા જાય, અત્યારે તો બાર આના છે, તે દિ' એક પૈસાની તાવડી મળતી હતી. એક ત્રાંબિયાની તાવડી મળતી તે દિ' પણ ટકોરો મારીને લેતો હતો. તીરાડ દેખાતી નથી પણ અવાજ તો બોદો બોલતો નથી ને? તો છૂપાયેલી તીરાડ બહાર દેખાશે. આ એક ત્રાંબિયામાંથી પણ ધર્મ ગયો. ધર્મની કિંમત નથી જીવોને કે પરીક્ષા કરતા નથી. એક ત્રાંબાના પૈસા જેટલી જેની કિંમત ન આંકે એને ધર્મ કરવો છે, એ વાત પોતાને ઠગવા બરાબર છે. એ પોતે છેતરાય છે.

જેમ તીરાડવાળી તાવડી વેચનારો આપી દે અને આ લઈ લે તો ઠગાઈ ગયો. એનો તાંબિયો પણ નકામો ગયો. ઘરે રોટલો નાખશે એ ભેગા કટકા. એમ આ ઠગાઈ ગયો છે. ધર્મને નામે જીવ ઠગાઈ ગયો છે, બીજું કાંઈ નથી. બહુ ચુસ્ત રહેવું જોઈએ. અરે..! અન્યમતિઓ એટલું સમજ્યા છે. આ શીખો કહે છે ને કે અમે ચુસ્ત છીએ. આ વાળ રાખે છે, કિરપાણ રાખે છે, કડું રાખે છે. અમારી એ સંસ્કૃતિ છે અને અમે એને છોડવા માગતા નથી. ઠીક! મુસલામન પણ એના પ્રમાણમાં પાળે છે. અમારે તો નમાજ પઢવી પઢવી ને પઢવી. નમાજનો ટાઈમ હોય તો ગમે ત્યાં હોય તો અમે નમાજ પઢીએ. એમાં મસ્જિદ મળે તો પઢીએ અને નહિતર ન પઢીએ એવું કાંઈ છે નહિ. ચાલુ ટ્રેને, રસ્તામાં નમાજ પઢે છે. એટલી ચુસ્તતા જો અંધશ્રદ્ધાવાળા જીવો બરાબર રાખે છે તો સત્યને ગ્રહણ કરવાવાળો સિદ્ધાંત ભંગ થાય એટલી બધી શિથિલતામાં આવે કે સિદ્ધાંત તૂટી જાય આખો, વીતરાગતાનો માર્ગ બદલાઈ જાય એ તો એને પ્રાણ જાય તોપણ પોસાય એ વસ્તુ હોવી જોઈએ નહિ.

હા, તને આચરણની અંદર ન ફાવે તો તું એ આચરણ છોડી દે કે ભાઈ, હું મુનિપણું નથી પાળી શકતો. ગૃહસ્થમાં રહી જાઉં છું. પણ એ સિદ્ધાંત છે એમાં ફેર નથી. આ મુનિપણું તો આમ જ છે. મારી શક્તિ નથી એ મારી અશક્તિનો દોષ છે. પણ તેથી આમ ન હોય અને આમ પણ હોય, એ તો આખો વીતરાગનો સિદ્ધાંત તૂટી જાય છે.

કહે છે કે એ થોડું વિપરીત નથી પણ પૂરેપૂરું વિપરીત છે અને એ વિપરીતતામાં એટલા માટે એ વિપરીતતાને કારણે, ભલે દેખાવમાં એ થોડું છે કે આટલોક ફેર પડ્યો એમાં શું? કહે છે કે એમાં '**અનંતા નિગોદના ભવ કરવાની તાકાત છે.**' ભલે તને ન દેખાય પણ અંદરમાં નિગોદની લબ્ધિ ઉત્પન્ન થાય છે. ઓલાપણે કેવળજ્ઞાનની લબ્ધિ ઉત્પન્ન થાય છે, અહીંયાં નિગોદની લબ્ધિ ઉત્પન્ન થાય છે. આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- લાભાલાભનું કારણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- લાભ અને અલાભનું કેવી રીતે કારણ છે? સમજાવો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વધારે લોકો લાભ લે તો પછી વ્યાખ્યાન કરો એના કરતા સિનેમા દેખાડો તો એથી વધારે લોકો ભેગા થશે. આપણે બીજી ન લાવવી. ધાર્મિક ફિલ્મ લાવવી. ભગવાન મહાવીરની ઉતારવી, બીજી-

ત્રીજી ઉતારવી. ઠીક. એમાં શું? જેટલા પગથિયા નીચે ઉતરશું એટલા વધારે લોકો આવશે. ઠીક! નાચ કરો, ગાન કરો, ફિલ્મ કરો. વધારે લોકો લાભ લેશે. ભાઈ! વધારે લોકો લાભ લે એની મુખ્યતા પાછળ પગથિયું ચુકીને પ્રવૃત્તિ થાય નહિ.

મુમુક્ષુ :– જ્યોતિષ જોવે તો આનાથી વધારે આવે.

પૂજ્ય ભાઈશ્રી :– જ્યોતિષની વિદ્યા સાધ્ય કરો તો ઘણા લોકો આવે. ઠીક! પછી ભાવ કાઢી દયો. વેપારી તો બધા ગલુડિયાની જેમ આળોટશે પગમાં આવીને. લોભિયા છે ને? ગલુડિયાની જેમ પગમાં આળોટવા માંડશે કે મહારાજ! મહારાજ! ત્વમેવ સત્યમ્, ત્વમેવ સત્યમ્. આ પરિસ્થિતિ છે. ભાઈ! આ આત્માનું કલ્યાણ કરવાનો માર્ગ છે, ટોળા ભેગા કરવાનો નહિ. અને એવા ઝાઝા ભેગા થાય અને ખોટું ઝાઝું ભેગું થાય. એમાં ખોટું ઝાઝું ભેગું થાય પછી. એનો શું અર્થ છે? કે એમાં ભાઈ તને અત્યારે ખબર નહિ પડે. અનંતા નિગોદના ભવ થવાને રસ્તે જાય છે તું. વિચાર કરવા જેવો છે. એકવાર તારા આત્માનો તો વિચાર કર. એ ઝાઝા ભેગા થશે એ તને નહિ મૂકાવે એમાંથી. નરકમાં જઈશ, સન્માર્ગનો વિરોધ કરીને નરકમાં જઈશ.

સત્પુરુષનો વિરોધ એ સન્માર્ગનો વિરોધ છે. એ તો એનામાં મસ્ત છે. એ તો કહે છે કે મારો કોઈ વિરોધ કરી શકતા નથી. હું તો અખંડ-અભેદ પરમાત્મપદ છું. મારો વિરોધ કોણ કરે જગતમાં? પણ માર્ગનો વિરોધ કરે, સાધકનો વિરોધ કરે છે એ સાધકતાના માર્ગનો વિરોધ કરે છે. નરક-નિગોદમાં જાય છે. કષાય તીવ્ર થાય તો પહેલા નરકમાં જાય. નહિતર નિગોજમાં જતા વાર લાગતી નથી. કહે છે કે એ નરકમાં નારકીના મારમાંથી આ ટોળામાંથી કોઈ તને છોડાવવા આવશે નહિ. આમ છે. ત્યાં માટીનો ખોરાક છે. નારકીમાં દુર્ગંધયુક્ત માટીનો ખોરાક છે. અહીંયાં તો થાળી ઉટકેલી હોય ને તોપણ પાછી નેપ્કીનથી સાફ કરે. ક્યાંય રજકણ ધૂળના ઊડીને આવીને ચોંટ્યા હોય તો આહારમાં આવે નહિ. ન દેખાય એવા હોય તો સાફ કરવામાં વાંધો શું પણ ? કહે છે કે આ અનાજ પણ માટી છે અને તારું શરીર પણ માટી જ છે. ચીકાશ તું કરે છે કે માટી ન જોઈએ. પણ આ નરકમાં તો એકલી માટી જ ખવડાવે છે. અને તે પણ જેટલી ભૂખ હોય એટલી મળે નહિ પાછી. એવી દુર્ગંધયુક્ત માટી હોય છે કે પહેલી પૃથ્વીમાં જે એની છે એની જે માટીનો એક કણ હોય એ અહીંયાં આવે યોજનમાં માણસો મરી જાય. એક યોજનના માણસો. અડધા કોષના માણસો મરી જાય.

એથી આગળ જાવ તો બીજી પૃથ્વીમાં એથી ડબલ એરિયાના માણસ મરી જાય. એમ નીચે જેમ જેમ જાવ ત્યાં એટલી દુર્ગંધયુક્ત એ માટી હોય છે... એનું પ્રમાણ આમાં 'ત્રિલોકસાર'માં ૪૯ યોજન સુધીના માણસો મરી જાય. એમ ડબલ-ડબલ થતી જાય છે. અડધા યોજનથી શરૂ થાય છે. એવી દુર્ગંધયુક્ત માટી હોય છે. અંદર માંસ, પરુ ને વિષ્ટા (હોય). એ બધી માટી એ પણ એને ભૂખ હોય એટલી ન મળે પાછી. અંદર ભૂખનો ભડકો એટલો હોય કે એ માટી પણ એને પેટ ભરાય એટલી મળે નહિ. આવી પરિસ્થિતિમાંથી કોણ છોડાવશે? લોકલાજ કોઈ છોડાવશે નહિ. આત્માર્થી જીવ, ધર્મી જીવ લોકલાજે થોડું પણ ખોટું કરે નહિ. એમ લેવું છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– ઈ આના જેવું છે. બીડી પીનારો જાણે છે કે આ બીડી પીતા પીતા કેન્સર થાય. મૂકી શકે છે? અમારા દાણાપીઠના એક વેપારીએ પ્રશ્ન પૂછયો હતો. ભાઈ બીડી પીતા હતા. વાત ચાલી કે તમે આ બધું સમજો છો, ઘણા તમારે ત્યાં સમજવા આવે છે. પણ અમને એવું લાગે છે કે સમજે છતાં કેમ કાંઈ અમલ કરતા નથી? સમજે એણે કાંઈક અમલ કરવો જોઈએ. સમજે છતાં અમલ ન કરે એ તો વ્યાજબી તો ન જ કહેવાયને? મને ખ્યાલ હતો કે ભાઈ બીડી પીવે છે.

મેં કહ્યું કે ભાઈ! બીડી પીવાથી કેન્સર થાય છે એવું આખી દુનિયા અત્યારે કહે છે. ભલે બધાને ન થાય પણ કો'કને થાય છે એવું તો પ્રસિદ્ધ છે. તમે ન જાણ્યું હોય

એ તો કાંઈ બને નહિ. છતાં કેમ એની બીક લાગતી નથી? વાત સાચી છે. સમજાય એટલે એનું પાલન થાય એવું નથી બનતું. જોકે ખરેખર એને સમજાણું છે એમ કહેવાય નહિ. એને સમજાણું છે એમ ન કહેવાય. ખરેખર તો એને એ સમજાણું નથી.

સમજાય અને કિંમત આવે ત્યારે એને સમજાણું છે અને કિંમત ન આવે તો એને સમજાણું નથી. અંદરમાં કિંમત આવવી જોઈએ. એ એનું પહેલું લક્ષણ છે. પછી કિંમત આવે તો એ અનુસાર વિશેષ દઢતા થઈને એ પ્રવૃત્તિમાં બહાર દેખાય એવી રીતે ક્રમશઃ આવ્યા વિના રહેતું નથી. પણ એનું મૂળિયું છે કિંમત આવવી તે. આ કિંમત આવવા માટે આટલી વાત કરે છે.

ભારે કર્મી જીવ હોય અને એ કર્મોરૂપી ગોદડું ઓઢ્યું હોય એને શ્રીગુરુની ઉપદેશરૂપી લાકડી વાગતી નથી. લાકડીનો પ્રહાર તો વાગે એવો છે. કઠણ ચીજ છે ને. છતાં કર્મરૂપી ગોદડા એવા ઓઢ્યા હોય તો એને ઉપદેશની લાકડી વાગતી નથી. અને ધોતિયા જેવું બારિક વસ્ત્ર હળુકર્મી જીવ ઓઢીને, એ પણ કર્મવાળો છે, કર્મસંયોગવાળો છે છતાં હળુકર્મીપણાને લઈને, પાત્રતાને લઈને એને ગુરુના ઉપદેશની લાકડી વાગે છે. આ દષ્ટાંત આપ્યું છે 'શ્રીમદ્જી'એ.

મુમુક્ષુ :- ... કર્મનો દોષ.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો કર્મથી સમજાવે છે ભાવથી સમજતો નથી એટલે. એનો પરપદાર્થમાં એટલો ગાઢ રસ પડ્યો છે, ઉદયમાન રસ છે કે એને એનાથી વિપરીત એવો જે ચૈતન્યરસ, એનો ઉપદેશ પ્રગટપણે ચૈતન્યરસમાં તરબોળ થઈને જ્ઞાનીઓ ચૈતન્યને બતાવે છે અને બોધ આપે છે તોપણ એને એ રસ સમજાતો નથી. એને એ રસ સમજાતો નથી. એ એમ કહે છે કે રોજ એકની એક વાત કરે છે. તમારા મહારાજ તો રોજ એકની એક વાત કરે છે. આત્મા, આત્મા ને આત્મા. આત્મા આત્મા ને આત્મા. પણ શું આત્મા-આત્મા? પછી કાંઈ ખરું કે નહિ? કે એકલો આત્મા, આત્મા આત્મા જ? ભાઈ! એની અંદર રસ પડ્યો છે. એની અંદર અમૃતરસ પડ્યો છે, શાંતરસ પડ્યો છે, આનંદરસ પડ્યો છે. એ આનંદરસને ઘોળી ઘોળીને પીવે છે અને પીવડાવે છે. પીવા તૈયાર થાય એને. પીવડાવે છે કોને? કે પીવા તૈયાર થાય એને. બાકી બીજાને એમ લાગે કે આ તો એની એ વાત કર્યા કરે છે. આમાં કાંઈ અમને રસ આવતો નથી. તમને રસ આવતો નથી એનું કારણ તેની તે વાત કરે છે તે નથી પણ તને બીજો ઊંધો રસ પડ્યો છે એટલે આ રસ આવતો નથી. એમ વાત છે ખરેખર.

ઘણાને રુચતું નથી. નવા આવે, જૂના હોય. તત્ત્વની વાત સાંભળવી અને તત્ત્વનું વ્યાખ્યાન સાંભળવું બહુ રુચે નહિ. એમાં કોઈ ગમ્મત કરવા તે પાછું ગમે એને. મનોરંજન થાય તો પાછું ગમે. વાહ ભાઈ વાહ! એવી બધી એની સ્થિતિ બતાવે છે કે એને કયો રસ પડ્યો છે. કોઈ એને હસાવે એવા વ્યાખ્યાન કરનારા હોય કે યુક્તિથી હસાવી શકે. કહે છે કે એ હાસ્યના પરિણામ શુભ છે કે અશુભ? પાપના પરિણામ છે. ચોખ્ખા જે નવ નોકષાયનું જે પાપ છે એમાં હાસ્ય, રતિ, અરતિ એ બધા અશુભ પરિણામ છે. એમાં તો શુભનું પણ ઠેકાણું નથી. આ પરિસ્થિતિ છે. તને અશુભનો રસ છે એટલે એ રુચે છે. ચૈતન્યનો તને રસ (નથી) એટલે તને ચૈતન્યતત્ત્વનો વિષય જે ચાલે છે એ તને રુચતું નથી. એ યોગ્યતાને સાબિત કરે છે.

મુમુક્ષુ :- હસાવાવાળા અને હસાવવાવાળા બેયને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. બેયને પાપ છે. હસવાવાળા કરતા હસાવવાવાળાને વધારે છે.

મુમુક્ષુ :- આ સ્થાનમાં તો હોય જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- બિલકુલ મેળ ખાય એવું નથી. મોટો ફેરફાર છે એ બધો.

વિષય એકદમ ગંભીર છે. એક બાજુ કેવળજ્ઞાન લેવાનો પ્રકાર ઊભો થાય એવું છે અને ગડબડ થાય તો બીજી બાજુ નિગોદ આવે એવો પ્રકાર ઊભો થાય છે.

*(પ્રવચનનો શેષ અંશ પૃષ્ઠ—૫ ઉપર)*



## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી–સીડી–૮–A

પ્રશ્ન :– મોટા અક્ષરથી ૐ બધા શાસ્ત્ર ઉપર લખે. આપ એમનું હૃદય તો જાણો છો, ભાવ પણ તેથી અમને કૃપા કરીને સમજાવો ને.

ઉત્તર :– 'ગુરુદેવ'ને ૐની બહુ પ્રીતિ હતી. ૐ ભગવાનની વાણી છે અને ૐ આત્માને પણ ૐ અને વાણી પણ ૐ. બધું ૐ. 'ગુરુદેવ'ને ભગવાનની વાણી ૐની બહુ જ પ્રીતિ હતી. જિનવાણીની એમને એટલી પ્રીતિ હતી. ૐની એટલી પ્રીતિ હતી. એટલે એમને હૃદયમાંથી સહજ ૐ જ આવતો હતો. ૐ ભગવાનની વાણી છે. અને ૐ કહેનારા જે વાચ્ય આત્મા આ આત્મબ્રહ્મ એ પણ ૐ, આ વાણી પણ ૐ, બધું ૐ. 'ગુરુદેવ'ને ૐની પ્રીતિ પહેલેથી જ ૐની પ્રીતિ છે એમને.

ભગવાનની વાણી જે છૂટે છે ૐ નિરક્ષરી વાણી એ વાણીનો 'ગુરુદેવ'ને બહુ પ્રેમ હતો. જિનવાણીનો એટલો પ્રેમ હતો 'ગુરુદેવ'ને. એટલે એમને સહજ ૐ જ આવતું. ૐ સહજ ચિદાનંદ. સહજ ચિદ્સ્વરૂપ, આનંદસ્વરૂપ આત્મા જ્ઞાનસ્વરૂપ આત્મા, સહજ સ્વરૂપ અનાદિઅનંત આત્મા છે. સહજ ચિદાનંદ. બસ. એવા આત્માને તું ઓળખ. શેનાથી ઓળખાય? આ ૐથી ઓળખાય છે. ભગવાનની વાણીથી આત્મા ઓળખાય છે. 'ગુરુદેવ'ને પણ ૐ–ૐનો ભાસ થયો. એમને ૐની પ્રીતિ જ હતી કુદરતી.

પ્રશ્ન :– સચ્ચિદાનંદ આત્મા ૐથી ઓળખાય?

ઉત્તર :– ૐકાર ધ્વનિ દ્વારા સહજ ચિદાનંદ ઓળખાય. આત્મા સહજ ચિદાનંદ છે. ૐ દ્વારા ઓળખાય છે. ભગવાનની વાણી. ભગવાન આત્મા સહજ ચિદાનંદને ભગવાનની વાણી ઓળખાવે છે. એવો ઉપાદાન–નિમિત્તનો સંબંધ છે. ૐને ઓળખ, આત્માને ઓળખ. એના દ્વારા બધું ઓળખાય છે. અનાદિ કાળથી જીવ પરિભ્રમણ કરે છે. એમાં ભગવાન સાક્ષાત્ મળે, ભગવાનની વાણી અથવા ગુરુની વાણી મળે તો એનો ઉપાદાન–નિમિત્તને સંબંધ થાય છે. એવો વાણી સાથે નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. સાક્ષાત્ ભગવાન મળે, સાક્ષાત્ ગુરુ મળે. 'ગુરુદેવ'ને વાણીનો કોઈ જુદી જાતનો પ્રેમ હતો. એમને સહજ અંદરથી શ્રુતનું એટલું બધું અંદરથી સહજ હતું.

પ્રશ્ન :– આમ તો પોતે સાંભળીને જ આવ્યા હતા.

ઉત્તર :– પૂર્વે સાંભળીને આવ્યા હતા અને એમનો આત્મા એવો હતો. દર્શનશુદ્ધિ એમાં અભિક્ષણ જ્ઞાન ઉપયોગ એક આવે છે. એવું 'ગુરુદેવ'ને શ્રુતનું બહુ જ અંતરમાંથી હતું. જિનવાણીનું એટલું બધું હતું. વાણીનો અર્થ કરતા થાકતા જ નહોતા. શાસ્ત્રોના અર્થ એમ ને એમ એમનાથી નીકળ્યા જ કરતા હતા. પ્રવચન-વ્યાખ્યાન આપે તો એના એક શબ્દમાંથી અર્થ સહેજે આખું બ્રહ્માંડ ખડું કરતા હતા.

પ્રશ્ન :– આપે એક વાત કરી, આત્માને ઓળખતા બધું ઓળખાઈ જશે.

ઉત્તર :– બધું ઓળખાય જાય એક આત્માને ઓળખતા. પૂર્વે વાણી સાંભળીને આવ્યા હતા અને એમનો આત્મા પણ એવો હતો. એમને ૐનો બહુ જ પ્રેમ હતો. ૐનો ભાસ પણ એમને થયો હતો. ૐનું એમને સહેજે હતું.

જિનવર તે જીવ અને જીવ તે જિનવર, એ વારે વારે એમના હૃદયમાંથી આવતું હતું. જીવ તે જિનવર છે,

જિનવર તે જીવ એમ વારેવારે સહેજે આવતું. એ દ્રવ્ય એવું એટલે અંદરથી સહેજે આવતું હતું.

પ્રશ્ન :- પહેલા બોલમાં જ ગુંચવાડો શરૂ થયો. ૐ સહજ ચિદાનંદમય એમાંથી શું કાઢવું? પણ આપે આજે ઘણું કાઢ્યું. સહજ ચિદાનંદમય એવો આત્મા ૐ ધ્વનિના નિમિત્તે ઓળખાય છે.

ઉત્તર :- ૐ ધ્વનિના નિમિત્તે ઓળખાય છે.

પ્રશ્ન :- અને એ આત્મા ઓળખાતા બધું તને જણાઈ જશે.

ઉત્તર :- બધું જણાઈ જશે. આત્મા ઓળખે એટલે બધું (જણાઈ જશે). આખો ભવનો અભાવ થયો એમાં આત્માની અંદરથી જે આત્માનું સામર્થ્ય છે અનંત શક્તિથી બધું તને પ્રગટ થશે આત્માનું. એનું દ્રવ્ય, એની પર્યાય એ બધું છે એ પ્રગટ પર્યાયરૂપે આત્મા તારો પરિણમી જશે. સહજ ચિદાનંદ જેવો છે એવો તને પ્રગટ થાશે. ૐ એકલો લખતા. પછી કોઈ વધારે કહે ને તો ૐ સહજ ચિદાનંદ એમ લખતા.

પ્રશ્ન :- 'શ્રીમદ્જી'નું પ્રકાશન જ્યારે થવાનું હતું ત્યારે 'ગુરુદેવ' પાસે અમુક .. વાત સાંભળી હતી. અને 'ગુરુદેવ'ને કહ્યું હતું કે એક પ્રસ્તાવના લખી આપો.

ઉત્તર :- 'શ્રીમદ્જી'નું?

પ્રશ્ન :- જી હા. 'શ્રીમદ્જી'નું. ત્યારે 'ગુરુદેવે' એમ કહ્યું હતું કે અખંડ શાસન, જિનશાસન અખંડપણે આમાંથી ઊભું નથી થતું. માતાજી! ગુરુદેવના વચનામૃતમાં ૧૬૨ બોલ વાંચ્યા, હજી પૂરું નથી વાંચ્યું, પણ એ વાંચતા એટલો બધો ભાવ આવે કે જાણે સર્વાંગે આખી બધી વસ્તુ આવી ન જતી હોય એમાં.

ઉત્તર :- બધું આવી જાય છે.

પ્રશ્ન :- અને આપને શું કહું? કે કોઈ જીવ ક્યાંય પણ અટકતો હોય તો એમાંથી એને માર્ગદર્શન મળી જાય છે એવી બધી અપેક્ષાઓ અને બધી વિવિક્ષાઓ અંદર ભરી છે. બીજું, સામે કોઈ માણસ એકાંત કરતો હોય તો એને આમાંથી જવાબ મળી જાય છે અને અહીંના માટે કોઈ ટીકા કરતું હોય તો એને પણ આમાંથી ઉત્તર મળી જાય છે કે જો અહીંયાં દરેક વિવક્ષાથી દરેક વાતને જેમ છે એમ અહીંયાં કહેવામાં આવે છે. ગમે તેમ કહેવામાં આવતું નથી એટલી જ વાત છે. એટલે અપેક્ષાઓ બધી આપી દીધી છે.

ઉત્તર :- બધી અપેક્ષાઓ આવી જાય છે અંદર.

પ્રશ્ન :- રાગને પુદ્ગલના પરિણામ કઈ રીતે કહ્યા છે. પોતાના પરિણામ.. એક એક વાત કોઈ વાત બાકી નથી રાખી એમ કહીએ તો ચાલે. સ્વપરપ્રકાશની કે કોઈપણ એક એક વાત.

ઉત્તર :- બધી વાત આવી ગઈ છે.

પ્રશ્ન :- આખા વચનામૃત જોઈને... મહેનત ચંદુભાઈની અને મામાની છે. પણ માર્ગદર્શન આપવું, આપનું એમ લાગે કે આનું નામ શાસ્ત્ર કે આ રીતે શાસ્ત્ર કહેવાય. ટૂંકામાં પણ એક એક વસ્તુઓ આવી જાય છે.

ઉત્તર :- ચંદુભાઈ, હિંમતભાઈએ બધું કર્યું પણ એમ કહેવાતું હતું (કે) આખું માર્ગદર્શન અંદર આવી જવું જોઈએ. કાંઈ રહી ગયું હોય તો એમ કહેવાય કે આ રહી ગયું છે માટે આને ગમે ત્યાંથી ગોતીને કાઢો. કાંઈક રહી ગયું હોય. ચારેય બાજુથી આવવું જોઈએ. નિશ્ચય-વ્યવહાર બધું. મહેનત તો જે એ બધાએ કરી પણ ચારેય બાજુનું આવવું જોઈએ.

પ્રશ્ન :- આપના ભાવમાં જે હતું તે બધું આવી જવું જોઈએ. એટલે ખરેખર એ રીતે જ બધું ગોઠવાઈ ગયું છે.

ઉત્તર :- એમાં કોતરવાનું હતું અને કેટલા વર્ષો સુધી કોતરેલું અને 'ગુરુદેવ'નો જે આશય હતો, આખું માર્ગદર્શન

એ પ્રકાશિક કરતા હતા. જૈનશાસન ચારે બાજુથી એમણે વર્ષો સુધી પ્રકાશ કર્યો છે તો એમની એક વાત કોતરવી નહિ પણ ચારે બાજુની કોતરવી જોઈએ. કોતરાય છે માટે ચારે બાજુનું અંદરથી આવવું જોઈએ એમાં.

પ્રશ્ન :- બધા પડખાઓ રહી જવા જોઈએ.

ઉત્તર :- બધા પડખાં અંદર આવવા જોઈએ.

પ્રશ્ન :- પણ એ કોતરાતા હતા ત્યારે માતાજી વાંચ્યા નહોતા. અત્યારે વાંચીએ છીએ ત્યારે ખૂબ જ પ્રમોદ આવે છે. એમ થાય છે કે શું આ એક શાસ્ત્ર લખે છે. શાસ્ત્રના રૂપમાં એક આ જેના હાથમાં આવી જાય એને 'ગુરુદેવ'નું આખું હૃદય આવી જાય.

ઉત્તર :- આખું હૃદય આવી જાય છે.

પ્રશ્ન :- .. રહી ગયું છે. ના પણ ખરેખર હું વાંચું છું ત્યારે એટલો પ્રમોદ આવે છે ને. સાચેસાચ હોં. કહેવા ખાતર નથી કહેતો. પણ વાંચતા-વાંચતા મૂકવાનું મન થાતું નથી અને એમાંથી એટલું ઘોલન ચાલે છે કે મૂળ વાત ઉપર, પાછું બધું જ્યાં જ્યાં જુઓ તો મૂળ વાત ઉપર લઈ જાય. બધા બોલોમાં લઈને પાછા મૂળ વાત ઉપર તો આપે લીધું જ છે. વૈરાગ્યના બોલો .. છે. ક્રમબદ્ધની વાત પણ આમ...

ઉત્તર :- ક્રમબદ્ધની આવી છે, બધી આવી છે. વૈરાગ્યની, ભગવાનની, પ્રતિમાની, મુનિરાજની બધી. કર્તા, કર્મ, જ્ઞાતા-જ્ઞેય, નિશ્ચય-વ્યવહાર બધું આવે છે, સાધક-સાધ્ય બધું આવ્યું છે. દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાપૂર્વક બધું આવી ગયું.

પ્રશ્ન :- દૃષ્ટાંત ..

ઉત્તર :- એ દૃષ્ટાંત પણ અંદર 'ગુરુદેવ' કહેતા હતા.

પ્રશ્ન :- અમુક વાત મૂકીને પાછો પૂરો વિષય કર્યો છે. જે કાંઈ વાત મૂકી છે એમાં વિષય આખો પૂરો કર્યો છે. એમ નહિ કે અમુક વાત મૂકીને છોડી દીધું છે. એવું પણ નથી કર્યું.

ઉત્તર :- 'ગુરુદેવ'ના આખા વ્યાખ્યાનની શૈલી એમની હતી. એમાંથી તારવીને અમુક જે એમના ચારે બાજુનું હોય એ તારવ્યું. કેટલાક બોલ મોટા પણ આવી જાય ગુરુદેવના, પણ એમાં સ્પષ્ટીકરણ માટે.

પ્રશ્ન :- માતાજી! તીર્થંકરના દ્રવ્યનો જે મહિમા... લાખો-કરોડો ભગવાનની સભામાં હોય. તીર્થંકરો તો કો'ક જ હોય ને?

ઉત્તર :- ભગવાનની સભામાં ને? તીર્થંકર કો'ક જ હોય ને. કાંઈ બધા તીર્થંકર થોડા હોય?

પ્રશ્ન :- સંખ્યા વધારે હોય? કો'ક જ હોય?

ઉત્તર :- તીર્થંકર ભગવાન તો થોડાક જ હોય, કાંઈ ઝાઝા થોડા હોય.

પ્રશ્ન :- બીજા જે સભાજનો હોય લાખો-કરોડો એમાં તીર્થંકર થવાવાળા તો કો'ક જીવ હોય ને?

ઉત્તર :- ભવિષ્યમાં તીર્થંકર થનારા પણ થોડા હોય. એવા જીવો તો થોડા જ હોય. હંમેશા તીર્થંકર ભગવાન તો અમુક થાય. ભલે અનંતા થયા છે પણ ભગવાનની સભામાં પણ થોડા હોય. જેમ લાખો-કરોડો બધા શ્રોતાજનો હોય એમાં તો કો'ક જ હોય. કો'ક કો'ક હોય.

પ્રશ્ન :- એટલે તીર્થંકરના દ્રવ્યનો મહિમા બહુ અલૌકિક છે.

ઉત્તર :- એનો મહિમા (અલૌકિક છે). કો'ક હોય, એ તો અણમુલા દ્રવ્ય છે. એ તો માર્ગ પ્રકાશનારા છે. લોકોને જે ઊંધે માર્ગે જનારા એને એની વાણી દ્વારા લાખો-કરોડો જીવો માર્ગ પામે છે. તો સર્વોત્કૃષ્ટ જીવ જ્યારે તીર્થંકર થાય.

જગતમાં સર્વોત્કૃષ્ટ હોય તો તીર્થંકર ભગવાન જ છે. એવા સર્વોત્કૃષ્ટ તો કો'ક જ હોય ને. સર્વોત્કૃષ્ટ જ્યારે તીર્થંકર ગોત્ર બંધાય, તીર્થંકરપણે હોય એવા તો કો'ક જ હોય. જગતમાં સર્વોત્કૃષ્ટ હોય તો તીર્થંકર ભગવાન જ છે. ઈન્દ્ર પણ પોતાનો દેવલોક છોડીને અહીંયાં ભગવાનના ચરણોમાં નમે છે, કે અમને આ પુણ્યની મહિમા નથી પણ ભગવાન તમારી મહિમા છે. એને તો પુણ્ય પણ સુના લાગે છે. ભગવાન તો પુણ્ય અને પવિત્રતા બધામાં સર્વોત્કૃષ્ટ છે. એની આગળ બધું ઝાંખુ છે. બધે આખા લોકની અંદર સર્વોત્કૃષ્ટ હોય તો તીર્થંકર ભગવાન જ છે. માટે એવા દ્રવ્ય પણ થોડા હોય છે.

એમની વાણી જુદી હોય છે, એ માર્ગ પ્રકાશનારા હોય છે. એમની વાણી એવી હોય. જે વાણી સાંભળતા કેટલાય જીવો માર્ગ પામી જાય. એમના અતિશયો જુદા હોય છે. એમના દર્શનમાત્રથી જીવોને ભાવ પલટાઈ જાય છે. ગૌતમ સ્વામીએ માનસ્તંભ દેખ્યું ત્યાં એનું માન ગળી જાય છે. એટલી અતિશયતા એમની ચારે બાજુ પથરાયેલી હોય છે. એ માનસ્તંભનું કારણ નથી પણ ભગવાનનું કારણ છે. ભગવાનનો અતિશય ચારે કોર ફેલાય રહ્યો છે. એટલા પાત્ર હતા એટલે એકદમ માન ગળી ગયું માનસ્તંભ દેખીને. આ માનસ્તંભ આવો તો એ ભગવાન કેવા હશે! ત્યાં ને ત્યાં માન જ ગળી ગયું. બધા આગ્રહો છૂટી ગયા. જેટલા આગ્રહો અંદરમાં હતા કે મારા જેવો કોઈ નથી. હું તો કેટલું જાણું છું, હું તો સર્વજ્ઞ છું એટલું અંદર અભિમાન હતું. તો માનસ્તંભ દેખીને એકદમ માન ગળી ગયું. ત્યાંથી પાત્રતા શરૂ થઈ ગઈ હતી. ભગવાનનો અતિશય તો કોઈ જુદો જ હોય છે. એમની વાણી જુદી, એમના અતિશયો જુદા, બધું જુદું હોય છે.

જીવોને સહેજે સહેજે પલટવાનું કારણ બને છે. જો ઉપાદાન તૈયાર હોય તો એકદમ ભગવાન સર્વોત્કૃષ્ટ જગતમાં છે, સહેજે બધો પલટો પરિણતિ ખાઈ જાય છે. આગળ જાય છે ત્યાં તો સમ્યગ્દર્શન અને મુનિદશા અને બધી લબ્ધિઓ અને મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યયજ્ઞાન અને બધું એકદમ પ્રગટ થઈ જાય છે. એક ક્ષણની અંદર એક અંતર્મુહૂર્તમાં બધો પલટો ખાઈ જાય છે અને ભગવાનની વાણી છૂટે છે. એટલી કેટલી પાત્રતાની તૈયારી! અને અહીં ભગવાનનો એવો અતિશય એવું નિમિત્ત પ્રબળ છે. અત્યારે 'ગુરુદેવ' અહીં ભરતક્ષેત્રમાં જન્મ્યા. એમના જેવો અત્યારે કોઈ નમૂનો ક્યાંય દેખવામાં આવતો નથી. એમની વાણી જુદી, એમ બધુંય જુદું હતું.

પ્રશ્ન :- એમની ચાલ જુદી, બોલવું જુદું...

ઉત્તર :- બોલવું જુદું. એમના દર્શનમાત્રથી માણસો ઠરી જતા હતા. દર્શન કરે ત્યાં જ કહે, આ તો કોઈ જુદા પુરુષ છે. એવું થઈ જતું.

પ્રશ્ન :- એમની વાણીનો આ પ્રવાહ સારી રીતે બરાબર ચાલુ રહે એ માટે આપ કોઈ માર્ગદર્શન આપો.

ઉત્તર :- વાણીનો પ્રવાહ તો ચાલુ જ છે. એ જે કહેતા હતા એ બરાબર સમજે. અંતરમાં એમની અપેક્ષાઓ સમજે તો ચાલુ રહે. બાકી તો બધા શાસ્ત્રો તો એમ ને એમ છપાયા જ કરે છે. અને ટેપો કેટલી છે. પણ એ કહેતા હતા એ આશય પોતે ગ્રહણ કરે તો બધું ચાલુ રહે. એમની અપેક્ષાઓ સમજવી જોઈએ. એમને શું કહેવું હતું ઈ. એમણે બધા આગ્રહો છોડી બધા સંપ્રદાયો અને બધું છોડીને યથાર્થ માર્ગને પ્રકાશ કર્યો. એમનો આશય સમજે તો માર્ગ બરાબર ચાલુ રહે. આશય સમજવો જોઈએ.

પ્રશ્ન :- આશય સમજાવવા માટે પ્રચાર કરવાની કાંઈ જરૂરત છે કે નહિ?

ઉત્તર :- જેને પ્રચારનો વિકલ્પ આવે તે પ્રચાર કરે. જેને ન આવે તે ન કરે.

પ્રશ્ન :- વિકલ્પ તો આવવો જોઈએ ને.

ઉત્તર :- વિકલ્પ આવવો જ જોઈએ એવો સિદ્ધાંત નથી. કેટલાકને વિકલ્પ આવે પ્રચારનો તો કરે. એને કોઈ એમ નથી કહેતું કે તમે કેમ પ્રચાર કરો છો? જેને વિકલ્પ આવે તે પ્રચાર કરે. કોઈને એમ પણ થાય. દરેક એક જાતના જીવો નથી હોતા. કોઈને એમ થાય કે મારે મારા આત્માનું કરવું છે. તો કોઈ આત્માનું કરવા બેસી જાય. મારે બહારમાં પડવાનું શું કામ છે, એમ પણ કરે. અને કોઈને એમ થાય કે 'ગુરુદેવ'ની વાણીનો પ્રચાર થાય. તો એમ કરે. દરેકના પરિણામ એક જાતના, શુભભાવો એક જાતના હોતા નથી. 'ગુરુદેવ'નો સિદ્ધાંત પણ એમ જ હતો. એમ કહે, તારે બીજાનું શું કામ છે? તું તારું કર. એમ જ કહેતા. અને કોઈને વિકલ્પ આવે તો એ જે કરતા હતા એ કરે છે.

પ્રશ્ન :- તો પણ 'ગુરુદેવે' તો ઘણી જગ્યાએ જઈ જઈને આખા ભારતમાં પ્રચાર કર્યો.

ઉત્તર :- પ્રચાર કર્યો પણ એ 'ગુરુદેવ'ને એવો પ્રભાવનાનો યોગ હતો એટલે. કેમ બધા સમજે એવો એમને વિકલ્પ હતો. તોપણ એ એમ કહેતા કે હું બીજાને સમજાવવા ખાતર નથી કહેતો, હું તો મારા સ્વાધ્યાય, મારા આત્માની-મારા જ્ઞાનની વિશેષતા થાય છે એટલે હું આ વ્યાખ્યાન કરું છું. એમ કહેતા હતા. એકલું પરના કારણે હું નથી કરતો એમ કહેતા હતા. પણ એમને એવો વિકલ્પ હતો, એવો વાણીનો યોગ હતો. પોતાને વિકલ્પ હતો એટલે પોતે એવા વ્યાખ્યાનો એમના કુદરતી સહજપણે આવતા હતા. એમને વિકલ્પ હતો કે લોકો કેમ સમજે. એ બહાર નીકળ્યા તો બીજાને સમજાવવા ખાતર નહોતા નીકળ્યા. એ તો પોતે જાત્રાના નિમિત્તે નીકળ્યા હતા. એમાં બીજા વચ્ચે બધાને લાભ મળી ગયો. અને એમને એવો વાણીનો યોગ અને એવો પ્રશસ્ત ભાવ કે બધા સમજે કેમ, એવો એમને સમજે બધા, બધા સમજો, સાચું સમજો એવો એમને વિકલ્પ રહેતો.

પ્રશ્ન :- એમનો આદેશ ગ્રહણ કરીને ઘણા માણસો પલટ્યા ને. હજારો.

ઉત્તર :- ઘણા પલટ્યા તો એ તો એવા જોરદાર એમનું નિમિત્ત. એમની વાણી, એમનું જ્ઞાન, એમની પરિણતિ. બધું જુદું હતું એટલે બધાને પલટવાનું નિમિત્ત બન્યું. એમને કારણે પલટ્યું અને એ ઉપાદાન એનું અને નિમિત્ત 'ગુરુદેવ'નું પ્રબળ હતું એટલે. પણ એવી રીતે કોઈ બીજું કરવા જાય તો એનામાં એવી શક્તિ, 'ગુરુદેવ' જેવી શક્તિ ક્યાંથી લાવે કોઈ? એ ક્યાંથી લાવે? એની પોતાની શક્તિ હોય એ પ્રમાણે એને વિકલ્પ આવે એ પ્રમાણે સમજાવે. બાકી સમજે, ન સમજે એ ઓલા જીવની સ્વતંત્રતા છે. સમજે કે ન સમજે. પોતે પરાણે સમજાવવા જાય તો કોઈ સમજતું નથી. એની પાત્રતા હોય તો સમજે છે. પોતાને જેટલો વિકલ્પ આવે. એની મર્યાદામાં સમજાવે. વધારે ન સમજે તો એનો કાંઈ ખેદ કે આકુળતા કરીને કોઈ કોઈનું કરી દેતું નથી.

પ્રશ્ન :- માતાજી! એવું નથી લાગતું કે આ જે પ્રવાહ ચાલી રહ્યો છે તે મોળો પડી જશે?

ઉત્તર :- મોળો પડે ન પડે એ તો બધું કોઈના કરવાથી વધારે ચાલશે, નહિ કરે તો ઓછો ચાલશે એવું નથી. જો પ્રવાહ ચાલવાનો હશે તો તો એવા જીવો પ્રભાવના કર્યા કરશે. અને જેમ આ પંચમકાળમાં જે થવા યોગ્ય હોય એમ થયા જ કરે છે. કોઈ કરે તો થાય એવું તો કાંઈ હોતું નથી. કરનારા કેટલાય કરે છે. એ એમ કહે છે, અમે ઉપદેશ આપીએ. કેટલાક નથી પણ કરતા. તો એને વિચાર આવે કે ઉપદેશની શું જરૂર છે?

'ગુરુદેવે' ઘણું આપેલું છે. એનું વાંચન કરે, એના વિચારો કરે, એનો આશય સમજે તો પોતાની પાત્રતા પોતે પોતાનું થઈ શકે છે. બાકી તો જેને વિચાર હોય કે 'ગુરુદેવે' જે સમજાવ્યું એ બધા સમજો. એવો વિકલ્પ આવે તે બધા

(તત્ત્વચર્ચાનો શેષ અંશ પૃષ્ઠ-૧૯ ઉપર...)




### પત્રાંક-૨૪૪

**મુંબઈ, વૈશાખ સુદ ૭, શુક્ર, ૧૯૪૭**

પરબ્રહ્મ આનંદમૂર્તિ છે; તેનો ત્રણે કાળને વિષે અનુગ્રહ ઈચ્છીએ છીએ.

કેટલોક નિવૃત્તિનો વખત મળ્યા કરે છે; પરબ્રહ્મવિચાર તો એમ ને એમ રહ્યા જ કરે છે; ક્યારેક તો તે માટે આનંદકિરણ બહુ સ્ફુરી નીકળે છે, અને કંઈની કંઈ (અભેદ) વાત સમજાય છે; પણ કોઈને કહી શકાતી નથી; અમારી એ વેદના અથાગ છે. વેદનાને વખતે શાતા પૂછનાર જોઈએ, એવો વ્યવહારમાર્ગ છે; પણ અમને આ પરમાર્થમાર્ગમાં શાતા પૂછનાર મળતો નથી; અને જે છે તેનાથી વિયોગ રહે છે. ત્યારે હવે જેનો વિયોગ છે એવા જે તમે તે અમને કોઈ પણ પ્રકારે શાતા પૂછો એમ માગીએ છીએ.

***

### પત્રાંક - ૨૪૬

**મુંબઈ, વૈશાખ વદ ૩, ૧૯૪૭**

વિરહ પણ સુખદાયક માનવો.

અતિશય વિરહાગ્નિ હરિપ્રત્યેની જલવાથી સાક્ષાત્ તેની પ્રાપ્તિ હોય છે. તેમ જ સંતના વિરહાનુભવનું ફળ પણ તે જ છે. ઈશ્વરેચ્છાથી આપણા સંબંધમાં તેમ જ માનશો.

પૂર્ણકામ એવું હરિનું સ્વરૂપ છે. તેને વિષે જેની નિરંતર લય લાગી રહી છે એવા પુરુષથી ભારતક્ષેત્ર પ્રાયે શૂન્યવત્ થયું છે. માયા મોહ સર્વત્ર ભળાય છે. ક્વચિત્ મુમુક્ષુ જોઈએ છીએ; તથાપિ મતાંતરાદિકનાં કારણોથી તેમને પણ જોગ થવો દુર્લભ થાય છે.

અમને વારંવાર આપ જે પ્રેરો છો, તે માટે અમારી જેવી જોઈએ તેવી જોગ્યતા નથી; અને હરિએ સાક્ષાત્ દર્શનથી જ્યાં સુધી તે વાત પ્રેરી નથી ત્યાં સુધી ઈચ્છા થતી નથી, થવાની નથી.

***

---

(પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા...)

તો કરે છે. જેને વિકલ્પ આવે એના ઉપર કાંઈ પ્રતિબંધ નથી અને જેને નથી એને પરાણે કરવાનું કાંઈ પ્રયોજન નથી.

પ્રશ્ન :- પ્રયોજન તો આત્માનું મુખ્ય છે.

ઉત્તર :- આત્માનું મુખ્ય છે. કાંઈ પરાણે કોઈને સમજાવું કે કેમ નથી કરતો, તું કેમ વાંચતો નથી? પરાણે એવું કરવાનો પ્રયોજન નથી. અને જે વાંચે છે એને તેવો એવો વિકલ્પ આવે. ભલે વાંચે. એ બધાને સમજાવે તો સારી વાત છે.

***

**ટ્રસ્ટના ‘સ્વાનુભૂતિપ્રકાશ’ના આ ગુજરાતી અંક (જાન્યુઆરી-૨૦૨૧)નું શુલ્ક ઉપકૃત મુમુક્ષુવૃંદ, હ. વંદનાબહેન ઘોષાલ, કોલકાટા તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**